પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૫૫ | ૬ મે, ૨૦૧૭, શનિવાર ; વૈશાખ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નિર્ભયા ગેંગરેપ કેસના ચારેય દોષિતને ફાંસી યથાવત

## સમગ્ર દેશને હચમચાવી મુકનાર કેસમાં સુપ્રીમનો કઠોર ચુકાદો : સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો : બર્બરતાપૂર્વક ગુના માટે નરમીની કોઇ જગ્યા નથી : સુપ્રીમ

નવી દિલ્હી,તા. ૫

સમગ્ર દેશને હચમચાવી મુકનાર નિર્ભયા ગેંગરેપ કેસ મામલામાં આજે સુપ્રીમ કોર્ટે ચારેય અપરાધીઓને મૃત્યુદંડની સજાને યથાવત રાખી હતી. આ સામૂહિક બળાત્કાર કાંડથી દેશ હચમચી ઉઠ્યું હતું અને આને નિર્ભયા કાંડ નામ અપાયું હતું. જસ્ટિસ દિપક મિશ્રા, જસ્ટિસ આર ભાનુમતિ, જસ્ટિસ અશોક ભૂષણની બનેલી બેંચે સર્વસંમતિથી નિર્ભયા મામલામાં આજે ફાંસીનો ચુકાદો અકબંધ રાખ્યો હતો. કોર્ટે આ મામલામાં દોષિત અક્ષય ઠાકુર, વિનય શર્મા, પવન ગુપ્તા અને મુકેશને ફાંસીની સજાનો ચુકાદો યથાવત રાખીને સોપો પાડી દીધો હતો. આ અગાઉ ચારેય અપરાધીઓએ સજાની સામે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી હતી. સુપ્રીમ કોર્ટે ૨૭મી માર્ચના દિવસે આ મામલામાં ચુકાદો અનામત રાખ્યો હતો. સમગ્ર દેશની આ ચુકાદા ઉપર ચાંપતી નજર હતી. સુપ્રીમ કોર્ટે આ કઠોર ચુકાદો આપીને એવો સંદેશો આપવાનો પ્રયાસ કર્યો છે કે, આ પ્રકારના બર્બરતાપૂર્ણ અપરાધ માટે નરમી દાખવી શકાય નહીં. કોર્ટે કબૂલાત કરી છે કે, અપરાધીઓને ખબર છે કે તેઓએ કેટલી અમાનવીય હરકત કરી છે. કોર્ટે એમ પણ કહ્યું છે કે, આ અપરાધના કારણે દેશમાં શોકની સુનામી આવી ગઈ હતી. કોર્ટે ચુકાદા આપ્યાની સાથે જ નિર્ભયાના માતા-પિતા સંતુષ્ટ દેખાયા હતા. જસ્ટિસ દિપક મિશ્રાએ વિસ્તારપૂર્વક ચુકાદો સંભળાવ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે, આ કેસે સમગ્ર દેશને હચમચાવી મુક્યો હતો. કોર્ટે કબૂલાત કરી હતી કે, આ સમગ્ર મામલામાં એમિકસ ક્યુરી તરફથી આપવામાં આવેલી દલીલો અપરાધીઓને બચાવવા માટે

● અનુસંધાન પાન-૭ પર

STOCK MARKET LEADER REQUIRED FOR NEW OFFICE
Equity Dealer : 3, Front Office Asst : 2
1 to 3 Yrs. Experience
Deserving Candidate will get best salary package. Walk with full CV.
F-13, Meghmalhar, Sec-11,Opp.CNG Pump, G'nagar.
M. 99747 03401
Mail: bestboi123@gmail.com










